AHMEDABAD, THURSDAY, SEPTEMBER 20, 2018 | VOL.NO-3, ISSUE NO-12 | www.theopenpage.co.in | facebook.com/theopenpage | TOTAL PAGE - 8 | INVITATION PRICE: ₹20/-

RNI NO. GUJGUJ/2015/64872

# ધી ઓપન પેજ

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

MONTHLY NEWS PAPER

From, The Open Page, 4th Floor Vishwa Arcade, Opp. Kum-Kum Party Plot, Nr. Akhbarnagar, Nava Wadaj, Ahmedabad - 380013 | Ph : 079-27621385/86

## આ અંકમાં શું વાંચશો?



### વાંચનની પાંખોથી કલ્પનાની ઊડાન ભરો

અત્યંત ઝડપથી વિકસતી ટેક્નોલોજીના આ યુગમાં સમગ્ર વિશ્વની માહિતીઓ જાણે આપણી આંગળીઓ પર આવી ગઈ છે. પરંતુ માહિતીની આ સરળ ઉપલબ્ધતા જ્ઞાન માટે ધ્યાન કેન્દ્રીત કરવાની, ગ્રહણ કરવાની અને તેને જાળવી રાખવાની શક્તિ તેમજ આપણી કલ્પના શક્તિ પર અસર કરે છે. પેજ ૩



### મિત્રો આજે હું તમને જણાવીશ કે કેવી રીતે એકતામાં બળ હોય છે

એક સમયની વાત છે કે કબૂતરોનું એક ઝુંડ આકાશમાં ભોજનની શોધમાં ઉડી રહ્યું હતું. ભૂલથી આ ઝુંડ શિકાર શોધતા શોધતા એક એવા પ્રદેશમાંથી પસાર થયુ જ્યાં દુકાળ પડ્યો હતો. પેજ ૪-૫



### અભ્યાસની સાથે પ્રેક્ટિકલ જ્ઞાન જરૂરી: રિયલ લાઈફ રેન્ચો

'૩ ઈડિયટ' ફિલ્મના રેન્ચોને બધા ઓળખે જ છે. તે જરૂરિયાતના આધારે અવનવી શોધો કરે છે અને વેસ્ટમાંથી બેસ્ટ બનાવે છે. પેજ ૭




### એફ.આર.સી વાસ્તવિક્તા કે કલ્પના?

ગુજરાતના રાજ્યપાલ ઓ. પી. કોહલીની મંજૂરી બાદ એપ્રિલ ૧૨ ૨૦૧૮થી ગુજરાત સ્વ નિર્ભર શાળા (ફ્રી નિયમન) કાયદો, ૨૦૧૭ અમલમાં આવ્યો છે. પેજ ૮

# શિક્ષક જ્યારે સાચો ગુરુ બને છે ત્યારે સમાજમાં મહાન પ્રતિભાનો જન્મ થાય છે



**હંસા ઉપાધ્યાય**
નામાંકિત શિક્ષણવિદ્ જેમણે ૧૧ રાજ્યોમાં શિક્ષક તરીકે તેમજ પ્રિન્સિપલ અને ડિરેક્ટર તરીકે કામ કર્યું છે અને શિક્ષણ જગતમાં પ્રેરણાદાયી રહ્યા છે

સુજ્ઞ શિક્ષક મિત્રો,

કોઈપણ રાષ્ટ્રના વિકાસમાં કેટલીક બાબતો પાયારૂપ હોય છે. જેમ કોઈ ઈમારતની મજબૂતી તેના પાયામાં હોય છે, પરંતુ તે દેખાતો નથી તેમ રાષ્ટ્રની પાયારૂપ બાબતો પ્રથમ દૃષ્ટિએ દેખાતી ન હોવા છતાં તે મહત્વની ભૂમિકા ભજવતી હોય છે. આ પાયારૂપ બાબતોમાં શિક્ષકનું સ્થાન પ્રથમ પંક્તિમાં આવે છે. કારણ કે શિક્ષક વ્યક્તિ ઘડતર મારફત રાષ્ટ્રનું ઘડતર કરે છે. પરંતુ તેની આ પાયારૂપ લાક્ષણિક્તાના કારણે જ ક્યારેક તેની અવગણના પણ થતી હોય છે. આથી જ સમાજમાં શિક્ષકના મહત્વને સ્થાપિત કરવા અને શિક્ષકોની પ્રશંસનીય કામગીરીને પ્રમાણિત કરવા માટે 'ધી ઓપન પેજ' દ્વારા છેલ્લા કેટલાક વર્ષથી 'એજ્યુકેટર્સ ઍવોર્ડ'ની રચના કરાઈ છે.

આજના સમયમાં શિક્ષણ એક વ્યવસાય બની ગયો છે તેવું કહેવાઈ રહ્યું છે ત્યારે સમાજમાં હજી પણ એવા અનેક શિક્ષકો છે જે માને છે કે શિક્ષકની નોકરી માત્ર નોકરી નથી. તે એક સમાજ સેવા છે. તેઓ માત્ર વિદ્યાર્થીઓને ભણાવી જ નથી રહ્યા પરંતુ પરોક્ષરૂપે તેમનું ઘડતર પણ કરી રહ્યા છે. આથી જ કહેવાય છે કે શિક્ષક વિના કોઈ સમાજનું અસ્તિત્વ ટકી શકે નહીં, જે સમાજમાં શિક્ષકો ન હોય તે સમાજનો વિકાસ થઈ શકતો નથી. શિક્ષકો પોતે પણ આ વાત સમજે છે. તેથી તમે આજે સમાજમાં આજુબાજુ નજર ફેરવો તો એવા અનેક શિક્ષકો મળી આવશે જે માત્ર નોકરી જ નથી કરતાં, પરંતુ હજારો વિદ્યાર્થીઓના ગુરુ બનીને સમાજને એક નવો માર્ગ દર્શાવે છે. જેમ સમાજની સેવા કરવી એ શિક્ષકોનું કર્તવ્ય છે તેમ આવા શિક્ષકોનું સન્માન કરવું એ સમાજની પણ ફરજ છે. આથી જ 'ધી ઓપન પેજ' આ શિક્ષકોને સન્માનિત કરી સામાજિક ફરજ અદા કરી રહ્યું છે. શિક્ષકોની આ સમાજસેવાને ધ્યાનમાં રાખીને જ કદાચ કહેવાયું છે...

## 'ધી ઓપન પેજ'નો 'એજ્યુકેટર્સ ઍવોર્ડ' સમાજમાં શિક્ષકના મહત્વને સ્થાપિત કરવાની સાથે શિક્ષકોની પ્રશંસનીય કામગીરીને પ્રમાણિત કરે છે



***એક વર્ષનો વિચાર હોય તો બીજ વાવો,***
***દસ વર્ષનો વિચાર હોય તો વૃક્ષ ઉગાડો,***
***સો વર્ષનો વિચાર હોય તો શિક્ષક બની જાવ***

આ જૂની કહેવતને સાર્થક ઠેરવતા શિક્ષકો વ્યક્તિ હોય કે સમાજ, ઘડતરના દરેક તબક્કે તેમના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે. શિક્ષકોના આવા જ યોગદાને સમાજને અર્જુન, ચંદ્રગુપ્તથી લઈને સ્વામી વિવેકાનંદથી લઈ આજના સમયમાં મહાત્મા ગાંધી જેવી અનેક પ્રતિભાઓ આપી છે. આ પ્રતિભાઓએ સમાજની સેવા કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. શિક્ષક જ્યારે માત્ર શિક્ષકથી આગળ વધીને ગુરુ બને છે ત્યારે તે સમાજમાં નિશ્ચિતપણે કોઈ ને કોઈ મહાન પ્રતિભાનું યોગદાન આપે છે.

**(ફોર્મ મોકલવાની છેલ્લી તારીખ ૩૦/૧૦/૧૮)**

તમે પણ સમાજમાં કોઈક ને કોઈક રીતે યોગદાન આપતા હોવ તો આગળ આવો અને સમાજને શ્રેષ્ઠ શિક્ષકો આપવાની અને તેમના કાર્યોને બિરદાવવાની 'ધી ઓપન પેજ'ની આ પહેલમાં જોડાવો.

સમાજમાં અભૂતપૂર્વ યોગદાન આપતા શિક્ષકોને શોધી કાઢવાના બ્રેઈન સ્ટોર્મિંગ સેશનના સંચાલન માટે અમે નામાંકિત શિક્ષણશાસ્ત્રીઓના સલાહ સૂચનો મુજબ આગળ વધી રહ્યા છીએ. જેથી આ કાર્યક્રમ ખૂબ જ રસપ્રદ અને ફળદાયક પૂરવાર થાય અને સમાજને શ્રેષ્ઠ શિક્ષકો પ્રાપ્ત થાય. તો આ મહાયજ્ઞમાં શિક્ષકમિત્રો નામાંકન જરૂર કરે.

છેલ્લા ચાર વર્ષથી શહેરોમાં નામાંકિત યજમાન સંસ્થા સાથે જોડાઇ એવોર્ડ ફંકશનનું આયોજન કરવામાં આવે છે. જેથી આ એવોર્ડ કેવી રીતે અપાય છે તેની ગુપ્તતા કે જાળવણી અને તેની જાણકારી દરેક શહેરના શિક્ષણવર્તુળને મળે છે.

આ એવોર્ડની વિશિષ્ટતા અને ગરીમા એ છે કે, સતત ત્રણ વર્ષથી ગર્વનરશ્રીના અધ્યક્ષ સ્થાને અને તેમના હસ્તે એવોર્ડ અપાય છે. અને ત્રીજો એજ્યુકેટર્સ એવોર્ડ પૂજ્ય ભાઇશ્રી રમેશભાઇ ઓઝાના હસ્તે એનાયત કરાયો હતો. આ વર્ષે પણ અમારો આગ્રહ એ છે કે ગર્વનગરશ્રીના હસ્તે એવોર્ડ અપાય.

આ વર્ષે પણ પુનઃ પ્રશંસનીય એવોર્ડથી પ્રોત્સાહિત કરવા માટે ઉત્કૃષ્ટ, ઉત્તમ શિક્ષક અને વાલીઓને બિરદાવવા શંકુસ – ડિવાઈન ચાઈલ્ડ સ્કૂલ, મહેસાણાના યજમાન પદે અને રુચીબેન ચૌધરીના નેતૃત્વમાં પ્રશંસનીય એવોર્ડનું આયોજન કરવામાં આવ્યું છે. સતત પાંચમા વર્ષે "The Open Page Educators Awards" સમગ્ર ગુજરાતમાંથી સન્માનીય શિક્ષકોને શોધી કાઢી કાર્યશીલતાને જોઇને પ્રોત્સાહિત કરીએ છીએ.

### એવોર્ડની યાદી...

- પ્રિ.સ્કુલ એડ્યુકેટર શિક્ષક એવોર્ડ
- પ્રાથમિક શાળા એડ્યુકેટર શિક્ષક એવોર્ડ
- માધ્યમિક શાળા એડ્યુકેટર શિક્ષક એવોર્ડ
- ડિપ્લોમા, ઉચ્ચતર માધ્યમિક શાળા એડ્યુકેટર શિક્ષક એવોર્ડ
- શ્રેષ્ઠ આચાર્ય ઓફ ધી ઇયર એડ્યુકેટર શિક્ષક એવોર્ડ
  (અ) પ્રાથમિક શાળા આચાર્ય
  (બ) માધ્યમિક, ઉચ્ચ માધ્યામિક આચાર્ય
- શિક્ષક એડ્યુકેટર એવોર્ડ (બી.એડ, પી.ટી.સી)
- સામાજિક સેવા (શૈક્ષણિક) એડ્યુકેટર એવોર્ડ
- શ્રેષ્ઠ વિશિષ્ટ (અસમર્થ બાળકોના શિક્ષકો) એજ્યુકેશન એડ્યુકેટર શિક્ષક એવોર્ડ
- શ્રેષ્ઠ વાલી શૈક્ષણિક એડ્યુકેટર એવોર્ડ
- શ્રેષ્ઠ શાળા સંચાલક એડ્યુકેટર એવોર્ડ
- શ્રેષ્ઠ સંસ્કૃત પાઠશાળાના શિક્ષક/સંસ્થા એવોર્ડ

**સલાહકાર "ધી ઓપન પેજ"**
**મોબાઈલ નંબર. ૯૮૨૫૫ ૦૯૫૧૬, ૯૯૨૫૦ ૩૨૧૬૮**

Website: www.educatorsaward.com, www.theopenpage co.in
Email: educatorsaward@gmail.com



## જૂનાગઢની સરસ્વતી શાળામાં શિક્ષક દિનની ઊજવણી



જૂનાગઢમાં માંગનાથ રોડ પરની સરસ્વતી શાળામાં ૫મી સપ્ટેમ્બરે શિક્ષક દિનની ઊજવણી કરાઈ હતી. દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિને ભારતમાં શિક્ષક દિન ઊજવાય છે ત્યારે આ ઊજવણના ભાગરૂપે સરસ્વતી શાળામાં આચાર્ય, શિક્ષક, શાળાના વહીવટી કર્મચારી વગેરેની કામગીરી વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના સંચાલકો પ્રદિપભાઈ ખીમાણી, જગદીશભાઈ ખીમાણી, નરેશભાઈ ખીમાણી, રઘુભાઈ ખીમાણી તથા સાગરભાઈ ખીમાણે વિદ્યાર્થીઓનું માર્ગદર્શન કર્યું હતું.


## "નિયમિત પુરુષાર્થ અને આત્મવિશ્વાસથી ચમત્કાર લાગતી સફળતા મેળવી શકાય - રાજેશ ધામેલિયા





ન.પ્રા.શિ.સ.સુરત સંચાલિત અને શ્રી રામકૃષ્ણ વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા દત્તક લેવાયેલ ક્રાંતિવીર સરદારસિંહ રાણા પ્રા.શાળા(શા.ક્ર.૧૧૩) અને સંત ડોંગરેજી મહારાજ પ્રા.શાળા(શા.ક્ર.૧૧૪)માં ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે 'આપણે કરી શકીએ (We can do - વી કેન ડુ)' નામના સેમિનારનું આયોજન કરાયું હતું. વિદ્યાર્થીઓના આ કાર્યક્રમમાં રાજેશ ધામેલિયાએ જણાવ્યું હતું કે, 'હાલમાં તમે અભ્યાસમાં ક્યા સ્થાન પર છો અર્થાત્ તમને કેટલું આવડે છે તેના કરતાં તમે ક્યાં પહોંચવા ઈચ્છો છો તે વધુ મહત્ત્વનું છે. જો તમારી પાસે નિશ્ચિત લક્ષ્ય હશે અને તેને હાંસલ કરવા આત્મવિશ્વાસ સાથે નિયમિત પુરુષાર્થ કરશો તો તમે જરૂર સફળ થશો.' તેમણે વિદ્યાર્થીઓને ઉદાહરણો આપીને સમજાવ્યું હતું કે કેટલાક વિદ્યાર્થીઓ શરૂઆતના ધોરણમાં અભ્યાસમાં ખૂબ પાછળ હોય છે, પરંતુ દઢ નિર્ધાર સાથે મહેનત કરીને સફળ બની શકાય છે. રાજેશ ધામેલિયાના વક્તવ્ય બાદ વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી પણ રખાઈ હતી. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પ્રશ્નોત્તરીમાં ભાગ લીધો હતો. સેમિનારમાં ગમ્મત સાથે માર્ગદર્શન આપવા બદલ શાળાના આચાર્યશ્રીએ શ્રી રાજેશભાઈ ધામેલિયાનો આભાર માન્યો હતો.

## ડી.બી. (પ્રાથમિક વિભાગ)-પલસાણામાં 'અસરકારક વર્ગ વ્યવહાર' સેમિનાર યોજાયો





ડી.બી.હાઈસ્કૂલ-પલસાણા (પ્રાથમિક વિભાગ)ના શિક્ષકો માટે 'અસરકારક વર્ગ વ્યવહાર' સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારના વક્તા શ્રી રાજેશભાઈ ધામેલિયાએ જણાવ્યું હતું કે, 'વર્ગકાર્યને અસરકારક બનાવવા વિદ્યાર્થીને ઓળખવા અને જેવા છે તેવા પ્રેમથી સ્વીકારવા ખૂબ જરૂરી છે. અભ્યાસમાં કોઈ વિદ્યાર્થી પાછળ હોય તો તેની પાસેથી કામ લેવા શિક્ષકે ખૂબ ધીરજ રાખવાની અને તેને પ્રેમ આપવાની જરૂર છે. વિદ્યાર્થીમાં નાનો સરખો પણ ગુણ દેખી તેને પ્રોત્સાહિત કરવામાં આવે તો તેનો આત્મવિશ્વાસ ખીલે છે, પછી તે વિદ્યાર્થી ઝડપી પ્રગતિ કરે છે. આજે અભ્યાસ પૂરો કરવાની ચિંતામાં શિક્ષક પાસે વિદ્યાર્થીના પ્રશ્નો સાંભળવાનો સમય નથી. પરંતુ વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછવા પ્રોત્સાહિત કરનાર, તેના સાચા જવાબો શોધવા માર્ગદર્શન આપનાર અને જરૂર જણાયે મદદ કરનાર શિક્ષક જ વિદ્યાર્થીઓને જીવનભર યાદ રહે છે. પાઠ્ય પુસ્તકના સવાલ-જવાબ પાકા કરવા એ શિક્ષણનો એક ભાગ જરૂર છે, પરંતુ પૂરું શિક્ષણ નથી. સાચું શિક્ષણ એ છે જે વિદ્યાર્થીને નવું-નવું જાણવા-શીખવા પ્રેરિત કરે. શિક્ષક ધારે તો એક સામાન્ય વિદ્યાર્થીને પોતાની પ્રેમ અને માર્ગદર્શનથી દેશના સર્વોચ્ચ સ્થાને પહોંચાડી શકે છે. જન્મથી હાથ વિના જન્મેલી જેસિકા કુક્સ તેમના શિક્ષકના પ્રોત્સાહનને કારણે પાઈલોટ બની શકી. (જે વિશ્વની એકમાત્ર વ્યક્તિ છે, જે હાથ વિનાની પાઈલોટ છે.) શિક્ષક સદાય હસતો અને શીખતો રહેવો જોઈએ. શિક્ષક ધારે તો વર્ગે સ્વર્ગ (આનંદમયી) બનાવી શકે છે.'



**નિકોલની રામેશ્વર શાળા દ્વારા ઝવેરચંદ મેઘાણીના જન્મદિનની ઊજવણી**
અમદાવાદના નિકોલ ખાતેની રામેશ્વર શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના જન્મદિનની ઊજવણી કરવામાં આવી હતી. શાળાના આચાર્ય ડો. હેમંત પંડ્યાએ વિદ્યાર્થીઓને ગુજરાતી સાહિત્યમાં ઝવેરચંદ મેઘાણીના યોગદાનની માહિતી આપી હતી.

## ત્રિપદા માધ્યમિક શાળામાં શિક્ષક દિન ઉજવણી







ત્રિપદા માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ શિક્ષક દિનની ઊજવણીના ભાગરૂપે સમાજથી તરછોડાયેલા અને આર્થિક રીતે નબળા વર્ગના બાળકો માટે સ્ટેશનરી, કપડાં, રમવાના સાધનો અને રમકડાં એકઠા કરી મધર ટેરેસા મિશનરી અને હેલ્પ લાઈન ફાઉન્ડેશનમાં અર્પણ કરી સમાજને ઉમદા ઉદાહરણ પૂરું પાડેલ છે.

## આંગણકા પ્રાથમિક શાળાના આચાર્યને શ્રેષ્ઠ આચાર્ય એવોર્ડ એનાયત



મહુવા તાલુકાની આંગણકા પ્રાથમિક શાળાના આચાર્ય પ્રવીણભાઈ મકવાણાને 'ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન શ્રેષ્ઠ આચાર્ય એવોર્ડ ૨૦૧૮' એન. સી.ઈ.આર.ટી. નવી દિલ્હીના ડીન અને ડાયરેક્ટર ડૉ સરોજ યાદવ અને સુરતના મેયર ડૉ.જગદિશ પટેલના વરદહસ્તે એનાયત થયો હતો. આ એવોર્ડ એનાયત કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ૨૦ (વીસ) કરતા વધુ કેળવણીકારો, રાજ્ય અધિકારી, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આં કાર્યક્રમમાં પ્રવીણભાઈએ 'કેળવણીની કેડીએ નવાચાર અને અભિગમો' પર પ્રેઝન્ટેશન રજૂ કરેલ. આ એવોર્ડ ક્રિષ્ના એજ્યુકેર સુરત દ્વારા એનાયત થયો હતો. શિક્ષકો-વાલીઓને શિક્ષણ વિષયક વિચારોથી નવજાગૃત કરવામાં આવ્યા હતા. શિક્ષણની નવી દિશાઓ અને પડકારો અંગે વક્તવ્ય અને મોટીવેશનલ સ્પીચ આપવામાં આવી હતી.

## શેઠ કે.બી. વકિલ વિદ્યાલય, રાધનપુરમાં ગણિત વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન



કલ્પના ચાવલા ગુણવત્તા વિકાસ વર્તુળનું ગણિત વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન તા. ૨૯-૮-૨૦૧૮ના રોજ શેઠ કે.બી. વકિલ વિવિધલક્ષી વિદ્યાલય, રાધનપુર ખાતે યોજાયું હતું, જેમાં કલ્પના ચાવલા ગુણવત્તા વિકાસ વર્તુળ સાથે જોડાયેલ ૧૦ શાળાના વિદ્યાર્થીઓએ જુદા જુદા વિષય પર ૨૮ જેટલા પ્રોજેક્ટ રજૂ કર્યા હતા. આ પ્રદર્શનમાં ૬૦ વિદ્યાર્થીઓ અને ૧૫ શિક્ષકોએ ભાગ લીધો હતો. શેઠ કે.બી. વકિલ વિવિધલક્ષી વિદ્યાલય ના ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ તેમજ કે. આઈ. મોરખીયા પ્રાથમિક શાળાના ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ગણિત વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન નિહાળ્યું હતું.

વિભાગ ૧માં વી. કે. પટેલ મા.શાળા, કામલપુરના (૧) પરમાર રોહિત જે. (૨) ઠાકોર ભરત આર., વિભાગ ૨માં શેઠ કે.બી. વકિલ વિવિધલક્ષી વિદ્યાલયના (૧) પંચાલ દાનેશ ડી. (૨) રાવલ અંશ એમ., વિભાગ ૩માં શેઠ કે.બી. વકિલ વિવિધલક્ષી વિદ્યાલય, રાધનપુરના (૧) જાદવ કરણ એ., (૨) ઘાંચી માહિર એ., વિભાગ ૪માં વિવેકાનંદ વિદ્યાલય, વડનગરના (૧) ઠાકોર મોમજી એસ., (૨) ઠાકોર હરજી એ., વિભાગ ૫ (છ) માશેઠ કે.બી. વકિલ વિવિધલક્ષી વિદ્યાલય,રાધનપુરના (૧)પ્રજાપતિ સિતારામ એમ. (૨)પંચાલ દેવાંશ એમ.વિભાગ ૫ (એ)માં શેઠ કે.બી. વકિલ વિવિધલક્ષી વિદ્યાલય, રાધનપુરના (૧)પ્રજાપતિ દિક્ષિત ડી.(૨)ઠક્કર દક્ષ એન.એ પ્રથમ સ્થાન મેળવી વિજેતા થયા હતા. આ પ્રદર્શનમાં સર્વશ્રી મહમદ સલિમ એ ચૌહાણ તથા રાજુભાઈ એન અખાણીએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળા ના આચાર્ય શ્રી બી. ડી. ઝાલા તેમજ સુપરવાઈઝર વી. કે. પરમારના માર્ગદર્શન હેઠળ ગણિત વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શનના કન્વીનર કલ્પેશભાઈ ડી અખાણી, હર્ષદભાઈ પટેલ, રાજેન્દ્ર ભાઈ પ્રજાપતિ, એસ.પી.મકવાણા, નરેન્દ્ર ભાઈ રાજગોર, વિષ્ણુભાઈ ઠાકોર તથા કે.આઈ. મોરખીયા પ્રાથમિક શાળાના આચાર્યશ્રી વિજયભાઈ રાવલ,તેમજ શિક્ષકો ભાવેશભાઈ પ્રજાપતિ, અક્ષય ભાઈ સુખડીયા તેમજ સેવકશ્રી ગિરીશભાઈ સોલંકી,અંકિતભાઈ પ્રજાપતિ તેમજ વિદ્યાર્થી સ્વયંસેવકભાઈઓ એ જહેમત ઉઠાવી હતી.

**વૈધાનિક સુચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.**
**ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.**

# વાંચનની પાંખોથી કલ્પનાની ઊડાન ભરો



**ગરીમા ભટ્ટ**
**ધી ઓપન પેજના તંત્રી છે. તેઓ મીડિયાના વ્યાપક અનુભવ સાથે પ્રેરક શિક્ષણવિદ્ છે.**

અત્યંત ઝડપથી વિકસતી ટેક્નોલોજીના આ યુગમાં સમગ્ર વિશ્વની માહિતીઓ જાણે આપણી આંગળીઓ પર આવી ગઈ છે. પરંતુ માહિતીની આ સરળ ઉપલબ્ધતા જ્ઞાન માટે ધ્યાન કેન્દ્રીત કરવાની, ગ્રહણ કરવાની અને તેને જાળવી રાખવાની શક્તિ તેમજ આપણી કલ્પના શક્તિ પર અસર કરે છે. એક સમયે આપણી આ શક્તિઓ વધારવાનું કામ કરતાં પુસ્તકોનું સ્થાન ટેક્નોલોજીના આ યુગમાં ટેલિવિઝન, આઈપેડ્સ, ટેબ્લેટ્સ અને સ્માર્ટફોને લઈ લીધું છે. આથી જ્ઞાન અથવા માહિતી મેળવવા માટે આજની પેઢી દૃશ્ય-શ્રાવ્ય માધ્યમ પર વધુ ને વધુ નિર્ભર બની રહી છે. આ માધ્યમો વસ્તુઓને સરળતાથી સમજાવવા માટેના મહત્વના સાધનો બની શકે છે ત્યારે તે મગજને આળસુ અને ઉતાવળિયું પણ બનાવે છે. મગજ ખૂબ જ સરળતાથી માહિતીઓ મેળવવા લાગે છે ત્યારે તે ધ્યાન કેન્દ્રીત કરવાની, કલ્પના કરવાની અને ધીરજ રાખવાની શક્તિઓ ગુમાવવા લાગે છે.

અહીં એ કહેવાની જરૂર નથી કે વાંચનથી વાચકોના જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે. પુસ્તકો, સામયિકો, અખબારોના વાંચન પ્રત્યે રસ કેળવવાથી બાળકો સમક્ષ માહિતી અને જ્ઞાનનો વ્યાપક ભંડાર ખુલ્લો થઈ શકે છે. પરીણામે સકારાત્મક ચર્ચા-પરિષદોમાં ભાગ લેવાની તેમની શક્તિ વધે છે. તેઓ કોઈપણ મુદ્દા પર નિર્ભિક બની તેમના મત વ્યક્ત કરી શકે છે અને તેમની પોતાની નિર્ણય લેવાની ક્ષમતામાં પણ સુધારો થાય છે. તેથી આજે બાળકોમાં વાંચનની ટેવ વિકસાવવી ખૂબ જ મહત્વનું છે. જોકે, વાંચનનો આનંદ માત્ર માહિતી મેળવવાથી કંઈક અલગ હોય છે. હકીકતમાં વાંચન સમયનો પ્રવાસ કરવા સમાન છે અને તે વાસ્તવિક અર્થમાં સ્થળ અને યુગોના અંતર દૂર કરીને તમારી સમક્ષ જીવનના વિવિધ પાસા ઊભા કરી શકે છે અને તમને સમયના પ્રવાહમાં ખેંચી લઈ જઈ શકે છે. વાંચન બાળકો સમક્ષ વ્યાપક સંભાવનાઓ રજૂ કરીને તેમની પ્રાકૃતિક જિજ્ઞાસા વૃત્તિ જગાડે છે. પુસ્તકો તમારા સાચા મિત્રો બની શકે છે, જે તમારું જ્ઞાન વધારવાની સાથે જીવનના સત્યોને વ્યાપક સ્તર પર ઊજાગર કરવામાં મદદરૂપ થઈ શકે છે. એક જૂની કહેવત છે 'પુસ્તકોને ગળે વળગવાથી' તેમની સાથે હુંફાળા અને ગાઢ સંબંધો વિકસે છે. પોતાના સંતાનો પુસ્તકો સાથે મિત્રતા કરતાં જોઈને બધા જ માતા-પિતા ખૂબ જ ખૂશ થાય છે.





વાંચન માટે લાંબા સમય સુધી એક જ બાબત પર ધ્યાન કેન્દ્ર કરવાની જરૂર છે. જેમ કસરતો આપણને શારીરિક રીતે મજબૂત બનાવવામાં મદદરૂપ થાય છે તે જ રીતે આ કામગીરી મગજને કસરત પૂરી પાડે છે. એક લાંબો ફકરો અથવા એક આખી કથા સમજવા માટે વિદ્યાર્થીમાં લાંબા સમય સુધી ધ્યાન કેન્દ્રીત કરવાની ક્ષમતા હોવી જોઈએ. આમ, વાંચનથી વિદ્યાર્થીની ધ્યાન કેન્દ્રીત કરવાની ક્ષમતામાં સુધારો થાય છે. જોકે, વાંચન મગજની કસરત છે તેમ કહેવું અલ્પોક્તિ છે. વાંચન મગજ માટે સિમ્ફની ઓર્કેસ્ટ્રાના સમૂહ વાદન સમાન છે. જેમ ઓર્કેસ્ટ્રામાં અલગ અલગ વાદ્યો એક તાલમાં વાગે છે તે જ રીતે વાંચન કરતી વખતે મગજ, આંખ સહિતના અંગો એક સાથે સંયુક્તપણે કામ કરે છે. વાંચનની આપણી ક્ષમતા વધારવા માટે કેટલીક બાબતોને ધ્યાનમાં રાખવી જોઈએ. જેમકે -

- ટેમ્પોરલ લોબ ફોનોલોજિકલ જાગૃતિ માટે જવાબદાર છે અને અવાજને ડીકોડ કરે છે.
- ફ્રન્ટલ લોબલ અવાજ કરવો, વાંચનની અસ્ખલિતતા, વ્યાકરણના ઉપયોગ અને સમજૂતી માટે જવાબદાર છે અને તે સરળ અને જટીલ વ્યાકરણને સમજવાનું શક્ય બનાવે છે.
- કોણીય અને સુપરમાર્જિનલ જાયરસ 'વાંચન સંકલનકાર' તરીકે કામ કરે છે, જે એક પ્રકારનો એવો વાહક છે જે વાંચનની કામગીરી માટે મગજના વિવિધ ભાગોને જોડે છે. મગજના આ ભાગ સી, એ અને ટી અક્ષરોને જોડીને 'કેટ' શબ્દ બનાવે છે, જેને આપણે મોટેથી બોલીએ છીએ.

વિદ્યાર્થીઓએ તેમના અભ્યાસના સમયમાં ધ્યાન કેન્દ્રીત કરીને તથા પુનરાવર્તીત કાર્યપદ્ધતિ મારફત વાંચનની કુશળતા વિકસાવવી જોઈએ. વિવિધ અભ્યાસો દર્શાવે છે કે નિયમિત વાંચનથી મગજમાં શારીરિક ફેરફાર આવે છે, કારણ કે તે નવા જોડાણો ઊભા કરે છે અને ચેતાતંત્રના માર્ગોને વધુ મજબૂત બનાવે છે, ખાસ કરીને વાંચનમાં મદદરૂપ થાય છે. તેનો અર્થ એવો છે કે વાંચનથી આપણું મગજ વધુ સારા વાંચન માટે સક્રિય બને છે. કેટલાક અભ્યાસમાં દર્શાવ્યા મુજબ આઠ સપ્તાહના નિયમિત વાંચન મારફત નબળા વાચકના મગજમાં મજબૂત વાચકના મગજમાં વિકસતી પ્રવૃત્તિઓ જેવી સમાન પ્રવૃત્તિઓ વિકસે છે. અને મગજની રચના બદલાતી રહે છે, જેનાથી શબ્દોના વાંચન, તેને સમજવા, વાંચેલી બાબતના આકલન અને ભાષાની કામગીરી જેવી બાબતોમાં પણ નોંધપાત્ર સુધારો જોવા મળે છે.

એ યાદ રાખવું જરૂરી છે કે વિદ્યાર્થીઓએ ૨૧મી સદીના અત્યાધુનિક ટેક્નોલોજીના આ યુગમાં પણ વાંચનના મહત્વની અવગણના ન કરવી જોઈએ. વાંચ એક એવી ટેવ છે, જે નાટ્યાત્મક રીતે માનવીનું જીવન બદલી શકે છે. તે નિશ્ચિતપણે મનોરંજન પૂરું પાડી શકે છે, આપણને આશ્ચર્યચકિત બનાવી શકે છે અને આપણને જ્ઞાન પણ પૂરું પાડી શકે છે. આ બધા ઉપરાંત તે તણાવ ઘટાડવામાં અને મગજને પ્રફુલ્લિત કરવામાં મદદરૂપ થાય છે. તે આપણને વિવિધ ચિંતાઓથી દૂર સ્વપ્નોના વિશ્વમાં લઈ જઈ શકે છે, જે જટીલ વિશ્વથી ઘણું દૂર હોય છે.

વાંચન માત્ર આપણું જ્ઞાન વધારવા માટે જ નથી પરંતુ તે વિચારો અને કલ્પનાઓના નિરિક્ષણ અને તેના મૂલ્યાંકનની આપણી ક્ષમતા વધારે છે. વધુમાં નિયમિત વાંચનની પ્રક્રિયા વાચકોનું શબ્દભંડોળ વધારે છે. ઉપરાંત તેમને અગાઉ ક્યારેય વાંચ્યા, સાંભળ્યા ન હોય તેવા શબ્દો અને કહેવતો પણ વાંચવા મળે છે. આમ, તેમના જ્ઞાનમાં વધારો થાય છે.

શબ્દભંડોળ વધવાથી માત્ર આપણી આકલન શક્તિમાં જ સુધારો જ નથી થતો, પરંતુ આપણે આપણા મંતવ્ય વધુ સારી રીતે વ્યક્ત કરી શકીએ છે. આથી જ વિદ્યાર્થીઓએ દરરોજ વાંચન માટે થોડોક સમય ફાળવવો જોઈએ અને ક્રમશઃ આ સુંદર વિશ્વમાં વાંચનને તમારા જીવનનો એક ભાગ બનાવું જોઈએ.

# ધોળાવીરા આપણને જળ સંચાલનનો પાઠ શીખવાડે છે

વિદ્યાર્થીઓ અનેક  વખત પ્રશ્ન પૂછતા હોય છે કે ઈતિહાસ એટલે કે ભૂતકાળની ઘટનાઓનો અભ્યાસ કરવાની શું જરૂર છે ? સદીઓ પહેલાં થઈ ગયેલી ઘટનાઓની આપણા વર્તમાન અથવા ભવિષ્ય પર શું અસર પડી શકે ? ઈતિહાસના શિક્ષકો આ પ્રશ્નના જવાબમાં જણાવી શકે છે કે કોઈપણ વર્તમાન અથવા ભવિષ્યનો પાયો ભૂતકાળમાં જ હોય છે. ઈતિહાસમાંથી આપણને ઘણું શીખવા મળે છે. એમ પણ કહેવાય છે કે ઈતિહાસ પોતે તેનું પુનરાવર્તન કરે છે. આ અંગેનું એક સૌથી સારું ઉદાહરણ જોઈએ તો હાલમાં માત્ર ભારત જ નહીં, સમગ્ર વિશ્વમાં પાણીની અછત સર્જાઈ છે. પાણીની અછતની આવી જ સમસ્યા હજારો વર્ષો પહેલાં હડપ્પન સંસ્કૃતિમાં પણ સર્જાઈ હતી. આ સમસ્યાનો સામનો કરવા તેમણે શહેરોની રચના એવી રીતે કરી હતી કે તેઓ પાણીના ઘટતા સ્રોતોનો સૌથી શ્રેષ્ઠ ઉપયોગ કરી શક્યા હતા.



ગુજરાત સરકારની રાજ્યવ્યાપી જળ સંચય પહેલ 'સુજલામ સુફલામ જળ સંચય અભિયાન' તરફ નજર કરીએ તો આપણે ધોળાવીરા સંસ્કૃતિના અવશેષો આપણને શીખવે છે કે કેવી રીતે જળ સંચય પદ્ધતિ અને જળ સંચાલન વ્યવસ્થા ગોઠવવી જોઈએ, જેથી પાણીના સંશાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ કરી શકાય. ધોળાવીરાના જળાશયો અને કુવાઓના ખોદકામ ઈ.સ. પૂર્વે ૩,૦૦૦ વર્ષ પહેલાંના હડપ્પન લોકોની અદ્ભૂત ઈજનેરી અને પાણી વ્યવસ્થાપનની કુશળતા દર્શાવે છે.

ધોળાવીરા ગુજરાતના કચ્છ જિલ્લામાં કોટડા ટીમ્બા તરીકે ઓળખાતા વિસ્તાર નજીક આવેલું છે. ધોળાવીરાની શોધ વર્ષ ૧૯૬૭-૬૮માં ભારતીય પૂરાતત્વ સર્વેક્ષણના ભૂતપૂર્વ મહાનિયામક ડૉ. જે. પી. જોષીએ કરી હતી. જોકે, ૧૯૯૦થી આર. એસ. બિસ્ટ અને તેમની ટીમના નિરિક્ષણ હેઠળ એએસઆઈ દ્વારા અહીં ઉત્ખનન કામ હાથ ધરાયું હતું. અંદાજે ૧૦૦ એકર જમીનમાં ફેલાયેલું આ શહેર પૌરાણિક શહેરી આયોજનનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. આ શહેર અત્યાધુનિક ગટર વ્યવસ્થા, આશ્ચર્યજનક સ્થાપત્ય અને અદ્ભૂત જળ સંચય અને સંચાલન વ્યવસ્થા ધરાવતું હતું. ધોળાવીરાની સરખામણી વૈશ્વિક સ્તરે ઈજિપ્શિયન અને મેસોપોટેમિયન નગરસંસ્કૃતિ સાથે કરી શકાય.

જોકે, હડપ્પન સંસ્કૃતિ તેની પાણી અને ગટર વ્યવસ્થા માટે વધુ પ્રખ્યાત હતી. હડપ્પા, મોહેન્જો દડો, લોથલ જેવા સ્થળો તેના ઉત્કૃષ્ટ પૂરાવા છે. પરંતુ પાણીની ખેતી અને જળ સંચાલનની સૌથી અસરકારક વ્યવસ્થા ધોળાવીરામાં મળી આવી છે. ગુજરાતના આ વિસ્તારમાં વાર્ષિક ૧૬૦ સેમીથી ઓછો વરસાદ પડે છે અને મોટાભાગે તે દુષ્કાળગ્રસ્ત વિસ્તાર છે. અહીં પાણીનો મુખ્ય સ્રોત બે વરસાદી ઝરણાં ઉત્તરમાં માનસર અને દક્ષિણમાં મનહર છે અને થોડુંઘણું ભૂગર્ભ જળ છે. આ વિસ્તારમાં પાણીની અછતનો ઈતિહાસ ધોળાવીરાની પૌરાણિક વસાહતો જેટલો જૂનો છે. તેમણે પાણીની અછત દૂર કરવા નદીઓ પર બંધ બાંધી જળાશયો બનાવ્યા અને તેમના જળાશયોમાં પાણીનો સંગ્રહ કર્યો. શહેરમાં જળાશયો અલગ અલગ કદના છે અને તેમાં બે જળાશયો સૌથી મોટા છે. અહીંના ઉત્ખનન દર્શાવે છે કે શહેર ત્રણ ભાગમાં વિભાજિત હશે અને તેના પ્રત્યેક ભાગમાં ભૂગર્ભજળ ટેન્ક હતી, જે ભૂગર્ભજળ નહેરથી સંકળાયેલી હતી. રણમાં વસાહતોની અંદર પાણી રહે તેની તેમણે વ્યવસ્થા કરી હતી. ઉપરાંત તેમણે વરસાદી જળના સંગ્રહની પણ વ્યવસ્થા બનાવી હતી.

પૌરાણિક ધોળાવીરાની જળ સંચાલન વ્યવસ્થા દર્શાવે છે કે કેવી રીતે લોકો પર્યાવરણીય સમસ્યાઓ સામે પાણીનો સંગ્રહ કરતા હતા. તેનાથી વિપરિત ૨૧મી સદીમાં વધુ અત્યાધુનિક ટેક્નોલોજી અને અનુભવ છતાં આપણા લોકોમાં ધોળાવીરાના પૌરાણિક લોકોની જેમ પાણી બચાવવા અંગે લોકજાગૃતિનો અભાવ જોવા મળે છે. પાણીની અછત અંગે આપણે અત્યારથી જ જાગૃત થવાની જરૂર છે. વિદ્યાર્થીઓ રાષ્ટ્રનું ભવિષ્ય હોય છે ત્યારે તેઓ ધોળાવીરાના લોકો પાસેથી પાણીની બચતના પાઠ શીખી શકીએ છીએ.

**ડો. રશ્મી પાંડા**
ઈતિહાસના મુલાકાતી મદદનીશ અધ્યાપક, કેલોરેક્સ ટીચર્સ યુનિવર્સિટી, અમદાવાદ

**સમિહા ચંદવાની**
પૂર્વસ્નાતક વિદ્યાર્થિની લેકહીડ યુનિવર્સિટી, કેનેડા

## કલર પૂરો



## બે ચિત્રમાંથી સાત તફાવત શોધો



## ઉખાણા

**નરનારી સૌ કોઈ ધરે,**
**કાન પકડીને વાતો કરે,**
**પ્રેમે પ્રેમે ચુમી કરે,**
**પણ બેઉ ભેગા ન મળે**

○ ટેલિફોન ○ પોસ્ટકાર્ડ ○ પેજર ○ ગ્રામોફોન

**વાતો કરે પણ જાન નહિ,**
**હવામાં ઊડું પણ પક્ષી નહિ,**
**ગાયન ગાઉં પણ ગવૈયો નહિ,**
**દોરડા વિના તાર માફક જાઉં વહી**

○ ગોળી ○ પતંગ ○ રેડિયો ○ તાર

**એક કૂતરું એવું તે કડક કરડી ખાય,**
**જે સામે આવે, તેને ફડક ફાડી ખાય**

○ કાચ ○ વાંદરો ○ સસલું ○ વરુ

**ઝડપવાળો જમાદાર,**
**સવારી માંહે પૂરો,**
**રથ-ગાડીમાં ઉપયોગી,**
**લડાઈ માંહે શૂરો**

○ ગધેડું ○ ઘોડો ○ ઊંટ ○ જિરાફ

**ઊંચા ઊંચા ઊકરાજી,**
**ને લાંબી જેની ડોક,**
**અઢારે અંગો વાંકા જેના,**
**વાંકુ કે સૌ લોક**

○ ઊંટ ○ જિરાફ ○ હાથી ○ હરણ

**જવાબ:** ટેલિફોન, રેડિયો, વરુ, ઘોડો, ઊંટ

## શબ્દો શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બા | ધ | દ | સ | ળ | બા | સ | શિ | એ | ર | ણે | વિ |
| મ | ણે | રો | કા | ણ | ર | ત | લ | તુ | ઈ | બા | ર |
| ણ | આ | અ | ર | વા | અ | કા | મા | ગ | ઉ | સ | બા |
| સા | ધ | શિ | ળો | ભો | ચી | બ | કા | સ | અ | ર | હા |
| હિ | ધ | વિ | સા | લ | સ | ર | બ | કા | સા | ર | વા |
| ભા | વિ | બિ | ચા | શ | ગ | ર | ક | ખ | બં | બ | મ |
| દ | લ | જ્ઞા | શ | ર | ત | બૂ | ત | ધ | કા | મો | અ |
| ક | ચી | શિ | ન | ગ | ણા | ધ | ર | મો | ઔ | ડી | દ |
| બ | ક્ષ | પ્ર | મ | કા | કા | ન | ધ | ન | ભો | ઔ | ર |
| ક | વિ | મો | પ્રા | ઐ | કા | ત | ર | ર | પ્રા | ણ | શિ |
| ગી | અ | ક | વા | બ | ન | ક | ખ | ઐ | કા | ક્ષ | દ |
| બિ | રી | બ | કી | ચા | દ | વિ | ણ | ર | ણ | જી | ધ |

**મોભો**
**રણકાર**
**બારસાખ**
**વિચારણા**
**વિજ્ઞાન**
**શિક્ષક**
**શિક્ષણ**
**સરવાળો**
**સાલસ**
**હારબંધ**




### સંજુ એક વકીલ છે?

**ટીચર:** એક ટોપલીમાં ૧૦ કેરી છે તેમાંથી ૨ કેરી ખરાબ થઇ ગઇ તો કહો ટોપલીમાં કેરી વધી
**સંજુ:** ૧૦ કેરી
**ટીચર:** કેવી રીતે
**સંજુ:** સડ્યા પછી પણ કેરી તો કેરી જ રહેશે ને કેળા થોડી બની જશે
આજે સંજુ એક વકીલ છે.

### કાળી બિલાડી?

જો તમે રસ્તે જઈ રહ્યા હોય અને કાળી બિલાડી તમારા આગળથી પસાર થાય તો? તમે શું સમજશો?
અરે શું કામ દરેક વખતે દિમાગ દોડાવો છો, સમજવાની વાત છે કે બિલાડીને તમારાથી વધુ ઉતાવળ હશે બસ!!!

### રાવણ ડિસ્કોમાં ગયો


એક વાર રાવણ ડિસ્કોમાં ગયો અને ત્યાં જઈને બેભાન થઈ ગયો? ખબર છે કેમ કારણ કે ત્યાંની એંન્ટ્રી ફી હતી ૧૫૦૦ રૂપિયા પર હેડ

## બાળ વાર્તા


# મિત્રો આજે હું તમને જણાવીશ કે કેવી રીતે એકતામાં બળ હોય છે

એક સમયની વાત છે કે કબૂતરોનું એક ઝુંડ આકાશમાં ભોજનની શોધમાં ઉડી રહ્યું હતું. ભૂલથી આ ઝુંડ શિકાર શોધતા શોધતા એક એવા પ્રદેશમાંથી પસાર થયુ જ્યાં દુકાળ પડ્યો હતો. કબૂતરોનો સરદાર ચિંતિત થઇ ગયો કારણ કે કબૂતરો થાકી રહ્યા હતા. જલ્દી જ તેમને થોડા દાણા મળવા જરૂરી હતા. ઝુંડના યુવા કબૂતર સૌથી નીચે ઉડી રહ્યા હતા. ભોજન નજર આવતા જ તેમને બધાને સૂચના આપવાની હતી. ઘણું લાંબુ અંતર કાપ્યા પછી નીચે હરિયાળી જોવા મળી તો બધાને ભોજન મળવાની આશા બંધાઈ. યુવા કબૂતર વધુ નીચે ઉડવા લાગ્યા. ત્યારે તેમને ખેતરમાં ઘણા બધા અનાજના દાણા વિખરાયેલા જોવા મળ્યા.

તેમણે ઝુંડના સરદારને કહ્યું. નીચે એક ખેતરમાં ઘણા બધાં દાણા વિખરાયેલા છે આપણા બધાનું પેટ ભરાઇ જશે...



સૂચના મળતા જ આખુ ઝુંડ નીચે ઉતર્યું અને દાણા ચણવા લાગ્યું. વાસ્તવમાં તે દાણા પક્ષી પકડનારા એક શિકારીએ વિખેર્યા હતા. ઉપર ઝાડ પર તેણે જાળ લટકાવી હતી. જેવા જ કબૂતર દાણા ચણવા લાગ્યા કે તેમના પર જાળ આવીને પડી. બધા કબૂતર ફસાઇ ગયા. બધા કબૂતર રડવા લાગ્યા કે આપણે બધા માર્યા જઈશું. પણ સરદાર કશું વિચારી રહ્યા હતા. એકાએક તેમણે કહ્યું સાંભળો જાળ મજબૂત છે એ તો ઠીક છે પણ તેમાં એટલી પણ શક્તિ નથી કે એકતાની શક્તિને હરાવી શકે. આપણે શક્તિને એક કરીશુ તો મોતના મોઢામાંથી પણ બચી શકીએ છીએ.



તમે બધા ચાંચ વડે જાળને પકડો..


પછી હું જ્યારે ફુર્રર્ર કહુ તો એક સાથે જોર લગાવીને ઉડજો.

બધાએ સરદારની આજ્ઞાનું પાલન કરતા જાળ ચાંચમાં પકડીને ઉડવાની તૈયારી રાખી. એટલામાં જાળ બિછાવનાર શિકારી આવતો જોવા મળ્યો. જાળમાં કબૂતરોને ફસાયેલા જોઈને તેની આખો ચમકી ઉઠી અને તે ખુશીથી ઉછળતો જાળ તરફ દોડ્યો. તેને જોતા જ કબૂતરોના સરદારે કહ્યું ફુર્રર્રર્ર બધા કબૂતર એક સાથે જોર લગાવીને ઉડ્યા તો આખુ જાળ હવામાં ઉપર ઉઠ્યુ અને બધા કબૂતર જાળને લઈને જ ઉડવા માંડ્યા. કબૂતરોને જાળ સહિત ઉડતા જોઈને શિકારી આશ્ચર્ય ચકિત થઈ ગયો... અને જાળની પાછળ દોડવા લાગ્યો. આટલી વજનદાર જાળ લઈને લાંબો સમય ઉડવુ શક્ય નહોતું. સરદારે ઉપાય વિચાર્યો. નિકટમાં જ એક પર્વત પર સરદારનો મિત્ર ઉંદર દર બનાવીને રહેતો હતો. કબૂતર પર્વત પર પહોંચતા જ સરદારનો સંકેત મેળવીને જાળ સહિત ઉંદરના દર નિકટ ઉતર્યા.




સરદારે ઉંદરને સમગ્ર ઘટના સંભળાવી. ઉંદરે જાળ કાપીને તેમને આઝાદ કર્યા. સરદારે પોતાના મિત્ર ઉંદરનો આભાર માન્યો અને કબૂતરોનું ઝુંડ આઝાદીની ઉડાન ભરવા લાગ્યું.


## ચાલો ડોલર દોરતા શીખીએ




## ટપકાં જોડી કલર પૂરો




## મિકીને રસ્તો શોધવામાં મદદ કરો



# ઈજનેરીમાં કારકિર્દી એટલે તકોનું આકાશ

‘એન્જિનિયરિંગ’ શબ્દ મૂળભૂત રીતે લેટિન શબ્દ ‘એન્જેનિયમ’ એટલે કે ‘ક્લેવરનેસ’ (હોંશિયારી) અને ‘એન્જિનિયર’ એટલે કે ‘ટુ ક્રિએટ’ (બનાવવું)માંથી ઉતરી આવ્યો છે

‘ઈજનેરી એક એવી પ્રણાલી છે જેમાં શોધ, જાળવણી, સુધારણા, બિલ્ડ, ડિઝાઈન, વ્યવસ્થા, ઉપકરણો, સામગ્રી, મશીન અને પ્રક્રિયા શોધવા માટે વૈજ્ઞાનિક અને વ્યવહારુ જ્ઞાનનો ઉપયોગ કરવામાં આવે છે’

૧૨મા ધોરણ બાદ વિદ્યાર્થીઓમાં ‘એન્જિનિયરિંગ’ એટલે કે ઈજનેરીના કોર્સની સૌથી વધુ માગ હોય છે. આજે પણ કારકિર્દી બનાવવા માટે વિદ્યાર્થીઓમાં આ ક્ષેત્ર ખૂબ જ લોકપ્રિય છે. ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે ભારતમાં અનેક પ્રવેશ પરીક્ષાઓ યોજવામાં આવે છે. ઈજનેરી સૌથી ઝડપથી વિકસતી અભ્યાસ શાખાઓમાં સ્થાન પામે છે અને ઈજનેરીમાં અભ્યાસ પૂરો કર્યા બાદ બજારમાં તમારા માટે રોજગારીની અનેક તકો રહેલી છે. ઈજનેરીના અનેક પેટા વિભાગો છે. તમે તમારી યોગ્યતા અને રસ મુજબ કોઈપણ વિભાગની પસંદગી કરી શકો છો. ઈજનેરીના કેટલાક સામાન્ય વિભાગોમાં સિવિલ, આઈટી, સીએસઈ, મિકેનિકલ, માઈનિંગ, ઓટોમોબાઈલ, પેટ્રોલિયમ વગેરેનો સમાવેશ થાય છે.



### નોકરીની તકો પૂરી પાડતી ટોચની કંપનીઓ

- એસેન્ચ્યોર
- ટીસીએસ
- ઈન્ફોસીસ
- કોગ્નિઝન્ટ
- સેઈલ
- ભેલ
- ટાટા મોટર્સ
- બજાજ
- હીરો
- ડીઆરડીઓ
- ઈન્ડિયન એરલાઈન્સ
- એર ઈન્ડિયા
- હિન્દુસ્તાન લીવર લી.
- એનસીએલ
- ટાટા એન્જિનિયરિંગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ

## અભ્યાસક્રમ અને યોગ્યતા

- ઈજનેરી અભ્યાસક્રમો ડિપ્લોમા સ્તર, ઉપસ્નાતક સ્તર, અનુસ્નાતક સ્તર અને ડોક્ટરલ સ્તર પર ઉપલબ્ધ છે.
- ડિપ્લોમાનો અભ્યાસક્રમ ઈજનેરીમાં ડિપ્લોમાના અભ્યાસક્રમ તરફ દોરી જાય છે
- તે ૩ વર્ષનો અભાયસક્રમ હોય છે, જે વિદ્યાર્થીઓ ૧૦મા ધોરણ બાદ કરી શકે છે. ડિપ્લોમાધારકો ઈજનેરી અભ્યાસક્રમના ત્રીજા સેમેસ્ટરમાં પાછળથી પ્રવેશ મેળવી શકે છે. ઈજનેરીમાં વિવિધ શાખાઓમાં ડિપ્લોમા અભ્યાસક્રમ ઉપલબ્ધ છે.
- ઉપસ્નાતક અભ્યાસક્રમ બી.ટેક.ની પદવી મેળવી શકાય
- બેચલર ઓફ ટેક્નોલોજી (બી.ટેક.) ઈજનેરીમાં ૪ વર્ષનો પૂર્ણ સમયનો ઉપસ્નાતક અભ્યાસક્રમ છે. અનેક ઈજનેરી શાખાઓમાં આ અભ્યાસક્રમ ઉપલબ્ધ છે. જોકે, બી.ટેકમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થી પ્રમાણિત શૈક્ષણિક બોર્ડમાંથી પીસીએમ જૂથ સાથે ૧૦+૨ પાસ થયો હોવો જોઈએ.

## અનુસ્નાતક અભ્યાસક્રમથી એમ.ટેક કરી શકાય

- ઈજનેરીમાં અનુસ્નાતક અભ્યાસક્રમને પગલે વિદ્યાર્થી માસ્ટર ઓફ એન્જિનિયરિંગ (એમ.ઈ.) અથવા માસ્ટર ઓફ ટેક્નોલોજી (એમ.ટેક)ની પદવી મેળવી શકે છે. ઈજનેરી (બી.ટેક.) માં ૪ વર્ષનો ઉપસ્નાતક અભ્યાસ પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થી એમ.ટેકના ૨ વર્ષના અભ્યાસ માટે પ્રવેશ મેળવી શક છે.

## ઈજનેરીમાં ડોક્ટરલ અભ્યાસક્રમ

- ઈજનેરીમાં ડોક્ટરલ ઓફ ફિસોસોફી (પીએચ.ડી.) અદ્યતન સંશોધન અભ્યાસક્રમ છે, જેનો સમય ૩ વર્ષનો છે. દરેક વિશ્વવિદ્યાલયમાં પીએચ.ડી.નો સમયગાળો અલગ અલગ હોય છે. પીએચ.ડીમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી સંબંધિત શાખામાં માસ્ટર્સની પદવી ધરાવતો હોવો જોઈએ.

## પ્રવેશ

- યુજી અને પીજી ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ પરીક્ષા મારફ્ત પ્રવેશ મેળવી શકાય છે. જોઈન્ટ એન્ટ્રન્સ એક્ઝામિનેશન મેઈન (જેઈઈ મેઈન ૨૦૧૯) મારફ્ત બધી જ એનઆઈટી અને અન્ય પ્રતિષ્ઠિત ઈજનેરી મહાવિદ્યાલયોમાં ઉપસ્નાતક અભ્યાસક્રમ માટે પ્રવેશ મેળવી શકાય છે. આઈઆઈટી (ભારતીય પ્રૌદ્યોગિકી વિજ્ઞાન - ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી)માં પ્રવેશ માટે વિદ્યાર્થીઓએ જેઈઈ એડવાન્સ ૨૦૧૯ની પરીક્ષા આપવી પડશે.
- બી.ટેક.ના અભ્યાસક્રમ માટે કેટલાક રાજ્યો તેમની પોતાની પ્રવેશ પરીક્ષાનું પણ આયોજન કરે છે. રાજ્યસ્તરની કેટલીક પ્રવેશ પરીક્ષાઓ પર નજર કરીએ તો બિહાર દ્વારા બીસીઈસીઈ ૨૦૧૯ લેવામાં આવે છે તો ઝારખંડ દ્વારા જેસીઈસીઈસ ૨૦૧૯, તેલંગણા દ્વારા ટીએસ ઈએએમસીઈટી ૨૦૧૮ અને આંધ્રપ્રદેશ દ્વારા એપી ઈએએમસીઈટી ૨૦૧૯ લેવામાં આવે છે.

## ઈજનેરીના અભ્યાસ બાદ કારકિર્દીના વિકલ્પો

- ઈજનેરી સમગ્ર વિશ્વમાં નોકરીલક્ષી સૌથી શ્રેષ્ઠ શૈક્ષણિક અભ્યાસક્રમમાંથી એક છે. હાલમાં, સમગ્ર વિશ્વ પ્રૌદ્યોગિકી (ટેક્નોલોજી) પર નિર્ભર થઈ ગયું છે ત્યારે ઈજનેરી કર્યા બાદ અનેક પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં ઊંચા પગારથી રોજગારીની અનેક તકો ઉપલબ્ધ છે.
- બી.ટેક. કર્યા બાદ તમે નોકરી કરી શકો છો. કેટલાક મહાવિદ્યાલયો તેમના વિદ્યાર્થીઓ માટે કેમ્પસ પ્લેસમેન્ટની સુવિધા પૂરી પાડે છે. તમને કેમ્પસ પ્લેસમેન્ટમાં કોઈ નોકરી ન મળે તો તમે પોતાની રીતે પણ કંપનીઓમાં અરજી કરી શકો છો. તમે પોતાની કંપની ચલાવવા માગતા હોવ તો તો તમે ઉદ્યોગસાહસિક પણ બની શકો છો.
- ખાનગી અને સરકારી ક્ષેત્રમાં પણ કારકિર્દીના અનેક વિકલ્પો ઉપલબ્ધ છે. વિદ્યાર્થીઓ કેન્દ્રીય જાહેર સેવા આયોગ (યુપીએસસી) દ્વારા લેવાતી ભારતીય ઈજનેરી સેવાઓ (આઈઈએસ)ની પરીક્ષા માટે પણ અરજી કરી શકે છે.
- બી.ટેક.નો અભ્યાસ કર્યા બાદ વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે આગળ વધી શકે છે અને એમ.ટેક. અથવા એમબીએ કરી શકે છે.

## ઈજનેરીમાં અગ્રણી શાખાઓ

- સિવિલ એન્જિનિયરિંગ
- મિકેનિકલ એન્જિનિયરિંગ
- ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ
- ઈલેક્ટ્રિકલ એન્ડ ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગ
- ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કમ્યુનિકેશન એન્જિનિયરિંગ
- કમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ
- બાયોટેક્નોલોજી
- ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્જિનિયરિંગ
- ઈન્ફર્મેશન ટેક્નોલોજી
- ઓટોમોબાઈલ એન્જિનિયરિંગ
- એરોનોટિકલ એન્જિનિયરિંગ
- આર્કિટેક્ચરલ એન્જિનિયરિંગ અથવા આર્કિટેક્ચર
- એગ્રીકલ્ચરલ એન્જિનિયરિંગ
- પેટ્રોલિયમ એન્જિનિયરિંગ
- ફૂડ ટેક્નોલોજી
- ટેક્સટાઈલ એન્જિનિયરિંગ
- કેમિકલ એન્જિનિયરિંગ
- બાયોકેમિકલ એન્જિનિયરિંગ
- એરોસ્પેસ એન્જિનિયરિંગ
- ઈન્ડસ્ટ્રીયલ એન્જિનિયરિંગ
- મેન્યુફેક્ચરિંગ એન્જિનિયરિંગ
- મટેરિયલ એન્જિનિયરિંગ
- મેકાટ્રોનિક્સ એન્જિનિયરિંગ
- જીનેટિક એન્જિનિયરિંગ
- ઓસન એન્ડ મરીન એન્જિનિયરિંગ
- માઈનિંગ એન્જિનિયરિંગ

# ધી ઓપન પેજના સહયોગથી અભિનામ ચેસ એકેડમી દ્વારા ચેસ ટુર્નામેન્ટ યોજાઈ

## આંતરશાળા ચેસ સ્પર્ધામાં ગ્રૂપ એમાં આર્નવ, ગ્રૂપ બીમાં પર્વ ઠક્કર ટોચે

અભિનામ ચેસ એકેડમી અને 'ધી ઓપન પેજ' દ્વારા 'સ્કૂલ ચેસ ચેમ્પિયનશિપ'નું આયોજન કરાયું હતું, જેમાં વિવિધ કેટેગરીમાં ખેલાડીઓ અને સ્કૂલ સહિત કુલ ૩૨ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. ધ ઓપન પેજના વહીવટી તંત્રી (મેનેજિંગ એડિટર) અને ત્રિપદા ગ્રૂપ ઓફ સ્કૂલ્સના વહીવટી નિયામક (એમડી) અર્ચિત ભટ્ટના હસ્તે ગ્રૂપ - એ (કેજી થી ધો.૩) અને ગ્રૂપ બી (ધો.૪ અને ધો. ૫)માં ઉદ્ગમ સ્કૂલને એવોર્ડ એનાયત કરાયો હતો.

આ ટુર્નામેન્ટમાં ૪૦થી વધુ શાળાઓમાંથી ૧૭૦થી વધુ ચેસ ચાહકો અને લિટલ ચેસ માસ્ટર્સે ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટ ૮મી અને ૯મી સપ્ટેમ્બર ૨૦૧૮ એમ બે તબક્કામાં યોજાઈ હતી. આ બંને દિવસે વાતાવરણમાં ભારે ઉત્સાહ, વિજયની ભાવના અને પ્રેમનો સંદેશ ફેલાયેલા જોવા મળ્યા હતા. આ ટુર્નામેન્ટમાં ફીડે રેટિંગ ધરાવતા ૭ ખેલાડી ભાગ લેવાના હોવાથી બધા જ ખેલાડીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. તેમના સંતાનોને પ્રોત્સાહન આપવા માટે માતા-પિતા પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આ ચેસ ટુર્નામેન્ટના એવોર્ડ સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે ત્રિપદા ગ્રૂપ ઓફ સ્કૂલ્સના એમડી અર્ચિત ભટ્ટ, રોટરી ક્લબ ઓફ મજેસ્ટી અમદાવાદના પ્રમુખ શ્રી જિજ્ઞેશ ગાંધી, એજ્યુકેટર એવોર્ડ પ્રોજેક્ટ લીડર હંસા ઉપાધ્યાય, ત્રિપદા શાળાના શૈક્ષણિક નિયામિકા ડો. પ્રતિક્ષા પરીખ અને રોટરી ક્લબ ઓફ મજેસ્ટી અમદાવાદના અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

વિજેતા ખેલાડીઓ માટે આ ટુર્નામેન્ટ પ્રોત્સાહનજનક રહી હતી જ્યારે અન્ય ખેલાડીઓ માટે ટુર્નામેન્ટ આગળની ટુર્નામેન્ટ્સ જીતવા માટે મહત્વપૂર્ણ પદાર્થપાઠ સમાન બની રહી હતી.



### વ્યક્તિગત ઈનામ વિજેતાઓ

**ગ્રૂપ એ (કેજી - ૩જુ ધોરણ)**

**૧. આર્નવ પટેલ**
પોદાર આંતરરાષ્ટ્રીય શાળા

**૨. જવલ એસ. પટેલ**
ઉદ્ગમ શાળા

**૩. તનય સબૂ -**

**ગ્રૂપ બી (૪થુ - ૫મુ ધોરણ)**

**૧. પર્વ ઠક્કર**
એચ.બી. કાપડિયા શાળા

**૨. વીરભદ્રસિંહ ગઢવી**
શિવાશિષ શાળા

**૩. ભવ્ય અગ્રવાલ**
સેન્ટ. એન ઉચ્ચતર માધ્યમિક શાળા





# અભ્યાસની સાથે પ્રેક્ટિકલ જ્ઞાન જરૂરી: રિયલ લાઈફ રેન્ચો

'૩ ઈડિયટ' ફિલ્મના રેન્ચોને બધા ઓળખે જ છે. તે જરૂરિયાતના આધારે અવનવી શોધો કરે છે અને વેસ્ટમાંથી બેસ્ટ બનાવે છે. ફિલ્મમાં એક શોધ 'સ્કૂટર ચક્કી' દર્શાવાઈ છે. પીળા રંગની આ સ્કૂટર ચક્કી હકીકતમાં જેમણે બનાવી હતી તે શેખ જહાંગીર તાજેતરમાં બાળકોને પ્રેરણા આપવા માટે ત્રિપદા સ્કૂલના કેમ્પસમાં આવ્યા હતા. અહીં તેમણે જીવનના અનુભવો, કેવી રીતે જરૂરિયાત એ શોધની જનની છે અને અભ્યાસની સાથે જીવનમાં વ્યવહારુ જ્ઞાન કેટલું જરૂરી છે તે અંગે વક્તવ્ય આપ્યું હતું. તેમણે બાળકોને તેમના જીવનના વાસ્તવિક અનુભવો પરથી વેસ્ટમાંથી બેસ્ટ બનાવવા માટે કંઈક અલગ વિચારવા અને ડિઝાઈન કરવા માટે પ્રેરિત કર્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને તેમના કેટલાક નવીનતમ ઉત્પાદનો પણ દર્શાવ્યા હતા.

શેખ જહાંગીરે ૧લું ધોરણ ભણ્યા બાદ અભ્યાસ છોડી દીધો હોવા છતાં આજે તેમણે અનેક નવીન સંશોધનો બનાવ્યા છે. તેમણે સૌપ્રથમ વીજળી વીના સ્કૂટરથી ચાલતું એર કોમ્પ્રેસર બનાવ્યું હતું. આ સંશોધન બદલ નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન (એનઆઈએફ) દ્વારા વર્ષ ૨૦૦૭માં રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામના હસ્તે સન્માન કરાયું હતું.

તેમણે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓએ અભ્યાસની સાથે પ્રેક્ટિકલ જ્ઞાન પર પણ ધ્યાન આપવું જોઈએ. પ્રેક્ટિકલ જ્ઞાન વિદ્યાર્થીઓને જીવનમાં કોઈપણ જગ્યાએ કામ લાગી શકશે. તેમણે વિદ્યાર્થીઓને માત્ર પોતાના માટે જ નહીં, દેશ માટે અભ્યાસ કરવા, જીવવા સલાહ આપી હતી. શેખ જહાંગીર જલગાંવમાં ૮ વર્ષથી રેન્ચો ઈનોવેશન રિસર્ચ સ્કૂલ પણ ચલાવે છે, જ્યાં તેઓ બાળકોને પ્રેક્ટિકલ જ્ઞાન પર આધારિત શિક્ષણ પૂરું પાડે છે.



# એફ.આર.સી વાસ્તવિક્તા કે કલ્પના?

ગુજરાતના રાજ્યપાલ ઓ. પી. કોહલીની મંજૂરી બાદ એપ્રિલ ૧૨ ૨૦૧૮થી ગુજરાત સ્વ નિર્ભર શાળા (ફી નિયમન) કાયદો, ૨૦૧૭ અમલમાં આવ્યો છે. ખાનગી શાળાઓ દ્વારા વસૂલવામાં આવતી 'અતિશય ફી'ની વસૂલાત પર કાયદાની લગામ મૂકવા માટે કોઈ સ્પષ્ટ કાયદાનો અભાવ હોવાથી રાજ્ય સરકારે આ ખરડો રજૂ કર્યો હતો. શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા જાહેર કરાયેલા નિયમો મુજબ કાયદામાં સૂચિત ફી માળખા કરતાં વધુ ફી વસૂલવા ઈચ્છતી બધી જ ખાનગી શાળાઓએ ફી વધારો કરતાં પહેલાં ફી નિયમનકારી સમિતિ સમક્ષ તેમની દરખાસ્ત રજૂ કરવી પડશે. ચાલો આજે આપણે એ સમજીએ કે આ કાયદો શું છે એન ગુજરાતમાં શિક્ષણ વ્યવસ્થા પર તે કેવી રીતે અસર કરી શકે છે.

આપણે આગળ વધીએ તે પહેલાં એ જાણવું ખાસ જરૂરી છે કે સરકારી સહાય નહીં મેળવતી ખાનગી શાળાઓની ફી પર નિયંત્રણો મુકવાના આશયથી માત્ર ગુજરાત જ નહીં પરંતુ અન્ય રાજ્યોએ પણ ચોક્કસ કાયદા બનાવ્યા છે અને આ રાજ્યોમાં કોઈપણ હોબાળા અથવા સમસ્યાઓ વિના આ કાયદાનો સરળતાથી અમલ થયો છે. બીજી બાજુ માત્ર ગુજરાતમાં જ આ કાયદાએ માત્ર વિવાદ જ નથી જગાવ્યો, પરંતુ તેનો અમલ પણ અપેક્ષા મુજબ સરળતાથી થયો નથી. ગુજરાતમાં જ આવું કેમ થયું છે ? આ કાયદાનો વિરોધ કરનારાઓનો દાવો છે કે આ કાયદો શાળા સંચાલકોની સ્વાયત્તતા અને સ્વતંત્રતા પર તરાપ મારે છે. કેટલાક તેનાથી પણ આગળ વધીને કહે છે કે આ કાયદો એક એવી ઉધઈ સમાન છે, જે રાજ્યમાં શિક્ષણની ગુણવત્તા પર સીધી અસર કરશે.

ન્યાયતંત્ર હજુ પણ એ બાબતે અસમંજસમાં છે કે આ કાયદો ગુજરાત શિક્ષણ વિભાગનો સક્ષમ વહીવટી નિર્ણય છે કે તે સેમેસ્ટર સિસ્ટમની જેમ ટૂંકી દૃષ્ટિવાળો ખામીયુક્ત નિર્ણય છે, જેને છેવટે પાછો લેવો પડ્યો હતો. અનેક સમિક્ષકોનું પણ માનવું છે કે આરટીઈની જેમ આ કાયદો પણ સરકારી અધિકારીઓ દ્વારા પજવણી અને ભ્રષ્ટાચાર તરફ દોરી જનારો વધુ એક માર્ગ બની રહેશે. આ ઉપરાંત આ કયાદાના લક્ષ્યાંકો અને તેના અમલીકરણના સંબંધમાં અન્ય અનેક પ્રકારના પ્રશ્નો પણ ઊભા થયા છે. જોકે, આપણે આ કાયદાની સંભાવનાઓ સમજવાનો પ્રયાસ કરીએ અને એક તટસ્થ પરિપ્રેક્ષ્યમાં આ પ્રશ્નોનું વિશ્લેષણ કરવાનો પ્રયાસ કરીએ. નવા કાયદાની પ્રાથમિક વિગતો જોઈએ તો તેમાં ફી નિયમનનું માળખુ પ્રાથમિક વિભાગ માટે રૂ. ૧૫,૦૦૦, માધ્યમિક વિભાગ માટે રૂ. ૨૫,૦૦૦ અને ઉચ્ચતર માધ્યમિકમાં સામાન્ય વિભાગ માટે રૂ. ૨૭,૦૦૦ તથા વિજ્ઞાન વિભાગ માટે રૂ. ૩૦,૦૦૦ છે. શાળાઓ માટે ફીનું આ માળખુ ઘડવા પાછળનો આશય સમગ્ર ગુજરાતમાં અંદાજે ૧૬,૦૦૦ જેટલી શાળાઓ પર દેખરેખ રાખવાની જવાબદારી સંભાળતી એફ. આર. સી. (ફી નિયમન સમિતિ)નો બોજો ઘટાડવાનો છે. આ કાયદામાં વધુમાં કહેવાયું છે કે જે સ્કૂલો તેમની ફી આ માળખા કરતાં વધુ રાખવા માગતી હોય તેમણે મંજૂરી પ્રક્રિયા મારફત જવું પડશે.

પરંતુ આ સમગ્ર બાબતમાં સૌથી મહત્વનો પ્રશ્ન સમિતિ દ્વારા ફીનું માળખુ તૈયાર કરાયું ત્યારે બનાવવામાં આવેલી પ્રક્રિયા અને તર્ક સંગતતા અંગે ઊભો થાય છે, કારણ કે ખાનગી શાળાઓની વર્તમાન ફી કાયદામાં સૂચિત ફી માળખા કરતાં વધુ હોવાથી તેમને તેના માટે મંજૂરીની જરૂર હોવાથી આ કાયદો ગુજરાતની ૯૦ ટકા ખાનગી શાળાઓ પર સીધી જ અસર કરે છે. વધુમાં એક આરટીઆઈના જવાબમાં જણાયું હતું કે શહેરોમાં પ્રતિ વિદ્યાર્થી રૂ. ૩૨,૫૦૦ અને ગ્રામીણ વિસ્તારમાં રૂ. ૧૩,૫૦૦નો સરેરાશ ખર્ચ થાય છે. આથી, સ્વાભાવિક જ એક પ્રશ્ન એ પણ ઊભો થાય છે કે પ્રતિ વિદ્યાર્થી ખર્ચ આટલો ઊંચો હોય ત્યારે શહેરી વિસ્તારોની ખાનગી શાળાઓ



(Source: Internet)

**એફ.આર.સી. કાયદા મુજબ ફી નિયમનનું માળખ**

| પ્રાથમિક વિભાગ | માધ્યમિક વિભાગ |
|---|---|
| ₹૧૫,૦૦૦ | ₹૨૫,૦૦૦ |
| **ઉચ્ચતર માધ્યમિકમાં સામાન્ય વિભાગ** | **ઉચ્ચતર માધ્યમિકમાં વિજ્ઞાન વિભાગ** |
| ₹૨૭,૦૦૦ | ₹૩૦,૦૦૦ |

પાસેથી પ્રતિ વિદ્યાર્થી મૂળભૂત ખર્ચ પણ આવરી ન લઈ શકાય તેટલી નીચી ફી રાખવાની અપેક્ષા કેવી રીતે રાખી શકાય. બીજી બાજુ મહાનગરપાલિકા સંચાલિત શાળાઓમાં પ્રતિ વિદ્યાર્થી ખર્ચ તેનાથી પણ ઊંચો છે. મહાનગરપાલિકાની શાળાઓ દ્વારા ભલે આ ખર્ચ વિદ્યાર્થીઓ પાસેથી પ્રત્યક્ષ ફી દ્વારા વસૂલવામાં આવતો નથી, પરંતુ આ ખર્ચ રાજ્ય સરકાર દ્વારા કર સ્વરૂપે લોકો પાસેથી ઊઘરાવવામાં આવતાં નાંણાંમાંથી જ કરવામાં આવે છે તે એક વાસ્તવિક્તા છે. સરકાર એમ માનતી હોય કે ખાનગી શાળાઓ માટે કાયદામાં સૂચિત ફી માળખુ વ્યવહારુ છે તો મહાનગરપાલિકા દ્વારા ચલાવાતી શાળાઓને પણ સમાન બજેટમાં જ સંચાલન કરવા તપાસ હેઠળ લાવવામાં શા માટે નથી આવતી ? સરકારે મહાનગરપાલિકાની શાળાઓ માટે પણ સૂચિત ફી માળખા જેટલું જ બજેટ ફાળવવું જોઈએ. સરકારના વિવિધ વિભાગોમાંથી ઉપલબ્ધ આ માહિતી અને અવાજો નવા કાયદામાં રહેલી આ ખામીઓ પર પ્રકાશ પાડે છે.

આ કાયદાના અમલીકરણમાં સૌથી મહત્વની વધુ એક સમસ્યા ફી મર્યાદા નિશ્ચિત કરવા માટેની પ્રક્રિયા અને ઉચ્ચ શિક્ષણ (મહાવિદ્યાલયો) માટે ફી મર્યાદા જેવા માપદંડોની ઉણપ છે. રાજ્યમાં ચાર ઝોન સભ્યો (અમદાવાદ /સુરત /વડોદરા /રાજકોટ) એક જ કાયદાના અમલ માટે સ્વતંત્ર રીતે કામ કરશે. આથી ફી નિયમનનો અમલ કેવી રીતે કરવો તે અંગે ચારેય ઝોન વચ્ચે ભારે તફાવત રહે છે. આ ઉપરાંત માતા-પિતાઓમાં એક ગેરમાન્યતા એવી ફેલાયેલી છે કે ખાનગી શાળાઓમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગો કરતાં પ્રાથમિક વિભાગમાં ફીનું પ્રમાણ ખૂબ જ ઊંચું છે. આ ગેરમાન્યતાને કારણે સામાજિક સ્તરે વ્યાપક અસંતોષ ફેલાયેલો છે.

ચાર ઝોનમાં (અમદાવાદ /સુરત /વડોદરા / રાજકોટ) વિસ્તરિત સમિતિ રાજ્યના બધા જ

**એફ.આર.સી. પદે ચોક્કસ માપદંડો અને યોગ્યતાના આધારે અધિકારીઓની નિમણૂક કરવામાં આવે તે પણ ખૂબ જ મહત્વનું છે. વધારામાં ગુજરાતનો કાયદો માત્ર ફી નિયમન કાયદો છે**

જિલ્લાઓને આવરી લે છે. નવા કાયદા હેઠળ બધી જ સ્વ નિર્ભર શાળાઓએ ફી મંજૂરી માટે અરજી કરવાનું જરૂરી બની ગયું છે. ફી માળખાથી ઓછી ફી ધરાવતી શાળાઓએ માત્ર સૂચિત પદ્ધતિ મુજબ માત્ર સોગંદનામુ રજૂ કરવાનું રહે છે જ્યારે ફી માળખા કરતા વધુ ફી માટે અરજી કરનારી ખાનગી શાળાઓએ સહાયક દસ્તાવેજો સાથે હિસાબોની ચકાસણી કરાવેલી ખાતાવહી અને ખર્ચના પુરાવા સાથે સૂચિત સ્વરૂપમાં અરજી કરવાની રહેશે. જોકે, ફી સમિતિ દ્વારા આપવામાં આવેલા માળખા અને ખર્ચના પ્રકારમાં એક સમાનતા નથી હોતી. તેમજ ખર્ચના સૂચિત માપદંડોના આધારે ફી નિયમનની જટીલતાઓ સમજવી શાળાઓ માટે મુશ્કેલ છે. પરિણામે અત્યારે ખાનગી શાળાઓ સમિતિના વડા તેમજ સરકાર દ્વારા નિયુક્ત અન્ય સભ્યોની મુનસફી અને સમજ પર જ નિર્ભર છે.

આ પદ પર નિયુક્ત અધિકારીઓ પાસે વ્યાપક સત્તાઓ હોવાથી આ પદ પર ચોક્કસ માપદંડો અને યોગ્યતાના આધારે અધિકારીઓની નિમણૂક કરવામાં આવે તે પણ ખૂબ જ મહત્વનું છે. વધારામાં ગુજરાતનો કાયદો માત્ર ફી નિયમન કાયદો છે, જેમાં બધા જ બોર્ડ્સ, રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત શાળાઓને આવરી લેવાઈ છે અને તેમાં ભૌગોલિક અથવા સામાજિક-આર્થિક માપદંડોની અવગણના કરીને બધી જ ખાનગી શાળાઓને એક જ ફી મર્યાદામાં આવરી લેવાઈ છે. કમનસીબે ગુજરાત શૈક્ષણિક બાબતોમાં હંમેશા પાછળ રહ્યું છે અને આ નવા કાયદાના અમલીકરણના કારણે રાજ્યના શૈક્ષણિક ક્ષેત્રે વધુ સહન કરવાનું આવે તેવી સંભાવનાઓ વધુ છે. એ પણ શક્ય છે કે આ કાયદાનો યોગ્ય અમલ કરવામાં ન આવે તો તે પાછો પણ ખેંચવો પડી શકે છે.

આ પ્રકારનો કાયદો કેટલીક ખાનગી શાળાઓ દ્વારા કરવામાં આવતી આંધળી નફાખોરીના દુષણને ડામી શકે છે તે બાબતમાં શંકાને કોઈ સ્થાન નથી, પરંતુ તે આપણા રાજ્યમાં શિક્ષણની ગુણવત્તા અને અવકાશને વ્યાપક સ્તર પર નુકસાન કરે તેવી સંભાવનાઓ વધુ છે. આ કાયદો ખૂબ જ ટૂંકી દૃષ્ટીથી બનાવાયો હોય તેવું લાગી રહ્યું છે અને તેમાં આધુનિક શિક્ષણ અને શાળા પદ્ધતિના પાયારૂપ અભ્યાસેત્તર પ્રવૃત્તિઓના સંચાલનના વધતા મહત્વ અને ખર્ચને ધ્યાનમાં લેવામાં નથી આવ્યો.

આ કાયદામાં માત્ર પાઠ્યપુસ્તકના અભ્યાસક્રમના ખર્ચને ધ્યાનમાં લેવામાં આવ્યો છે, જેથી આ કાયદો 'શાળા' શબ્દની સમજને જ જોખમમાં મૂકી શકે છે. 'શાળા' શબ્દનો અર્થ માત્ર નિર્ધારિત અભ્યાસક્રમને વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવો જ નથી થતો. વધુમાં વર્તમાન પરિસ્થિત કે જેમાં ખાનગી શાળાઓએ આરટીઈ હેઠળ ૨૫ ટકા ગરીબ વર્ગના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો પડે છે ત્યારે શાળાઓની નફાખોરી પર નિયંત્રણો મૂકવા માટે હજી વધુ કોઈ કાયદાઓની જરૂર છે ?

અમે એફઆરસી કાયદો ૨૦૧૭ના સળગતા મુદ્દે આ મંચ પરથી એક નાનો સરવે કરવા માગીએ છીએ અને આ અંગે અમારા વાચકો શું માને છે તે જાણવા માગીએ છીએ. આપના વિચારો અને સૂચનો આપ અમને editor@theopenpage.co.in પર મોકલી શકો છો.

RNI No. GUJGUJ/2015/64872 Published by Archit Bhatt, Managing Editor and Printed by him at Divya Bhaskar, Regd Office: Bhasker House, Nr. YMCA Club, S. G. Highway, Changodar-Bavla Highway, Tq. Sanand, Dist. Ahmedabad.
All articles have been selected and scrutinized by Sub editor The Open Page: 4th Floor, Vishwa Arcade, Nr. Akhbarnagar, Opp. Kum-kum Party Plot, Nirnaynagar, Ahmedabad. Ph. No. 079-27621385, 27621386, Mo.No. 9586022210